
ગુજરાતમિત્ર

# શો ટાઈમ

ગુરુવાર ૧૪ મે, ૨૦૨૬




મિકેનિક કેવી રીતે બન્યો કવિતાનો શહેનશાહ? Pg.2



પ્રોડ્યુસર હોવું થેન્કલેસ જોબ છે: જેકી ભગનાની Pg.4

# રીતેશ દેશ[મુખ] નો સુપરસ્ટાર કેમ ન બન્યો?



રાજકારણીય બેક ગ્રાઉન્ડ ધરાવતા હોવા છતાં રીતેશ દેશમુખે એક્ટીંગને પોતાની કારકિર્દી તરીકે પસંદ કર્યું અને ૨૦૦૩ માં તુજે મેરી કસમ તેની પહેલી ફિલ્મ આવી. લીડ એક્ટર તરીકે તેની આ પહેલી અને અમુક હદે આ એક જ ફિલ્મ હતી. ત્યારબાદ રિતેશની ઘણી ફિલ્મો આવી જેવીકે, મસ્તી, ક્યા કુલ હૈં હમ, બ્લફમાસ્ટર, હે બેબી, માલામાલ વીકલી, હાઉસફુલ અને ધમાલ. રિતેશની આ મોટાભાગની ફિલ્મ મલ્ટી સ્ટારર હતી અને તેમાં તેનો કોમીક રોલ હતો. આ સિવાય તેની આપના સપના મની મની પણ આવી કે જેમા તેણે એક ફિમેલની ભૂમિકા પણ કરી હતી. આ ફિલ્મમાં રિતેશના કામની ઘણી પ્રશંસા પણ થઇ હતી. છતાં એક લીડ એક્ટર તરીકેનું સ્ટારડમ હજી તેનાથી ઘણું દૂર હતું.

**રીતેશે ૨૦૦૦ ના દાયકામાં હીટ ફિલ્મોથી શરૂઆત કરી અને ત્યાર બાદ મજબૂત કોમિક રોલ્સ પસંદ કર્યા. તેણે કોમિક ફિલ્મોને પ્રાથમિકતા આપી અને એ ફિલ્મોમાં સ્પોર્ટીંગ એક્ટર તરીકેની ભૂમિકાઓ કરી**

રિતેશની પહેલી ફિલ્મ પછી તેણે જે કારકિર્દીનો રસ્તો પસંદ કર્યો તે અન્ય એક્ટર્સ કરતા ઘણો અલગ હતો. તેણે મોટાભાગે મલ્ટી સ્ટારર કોમેડી ફિલ્મ્સ કરી. આ ઉપરાંત તેની ઘણી ફિલ્મોની ફ્રેન્ચાઈઝી પણ આવી અને તેમાં પણ રીતેશે પોતાનું મહત્વપૂર્ણ યોગદાન આપ્યું જેથી તેના કામને પ્રશંસા પણ મળી. તેની ફ્રેન્ચાઈઝી ફિલ્મો જેવી કે, મસ્તી -ગ્રાન્ડ મસ્તી- ગ્રેટ ગ્રાન્ડ મસ્તી, હાઉસફુલ-હાઉસફુલ ૨-હાઉસફુલ ૩-હાઉસફુલ ૪ અને હાઉસફુલ ૫ આવી. આ ઉપરાંત, ધમાલ- ટોટલ ધમાલ- ડબલ ધમાલ, ક્યા કુલ હૈં હમ - ક્યા સુપર કુલ હૈં હમ અને એક વિલન- એક વિલન રીટર્ન્સ કે જે ફ્રેન્ચાઈઝી ફિલ્મો હતી તેમાં તેણે કામ કર્યું. કેટલાકને એવું લાગે છે કે નિશ્ચિત બોક્સ ઓફિસ લાભ માટે અને મનોરંજન માટે તે આવી ફ્રેન્ચાઈઝી ફિલ્મો કરે છે, તો કેટલાકનું માનવું છે કે તે મિત્રતાને કારણે કે પછી અગાઉથી કરેલા કમીટમેન્ટસને કારણે આ ફિલ્મો પસંદ કરે છે. કેટલાક તેની આવી પસંગીની ટીકા કરતા કહે છે કે, ઈન્ડસ્ટ્રીમાં આટલા વષો કાઢ્યા પછી, ૪૦ વર્ષની ઉમરે પણ તે આવી કોમેડી ફિલ્મો પસંદ કરે છે તે નરી મુર્ખામી છે. પરંતુ, રીતેશ પોતાના નવા રસ્તા પર ચાલતો રહ્યો. ડેબ્યૂ ફિલ્મ આપ્યા પછી સામાન્ય રીતે કોઈ પણ અભિનેતા મુખ્ય ભૂમિકાવાળી ફિલ્મો વધુ પસંદ કરે છે અથવા ગંભીર ફિલ્મો પસંદ કરે છે પરંતુ, રીતેશે ૨૦૦૦ ના દાયકામાં હીટ ફિલ્મોથી શરૂઆત કરી અને ત્યાર બાદ મજબૂત કોમિક રોલ્સ પસંદ કર્યા. તેણે કોમિક ફિલ્મોને પ્રાથમિકતા આપી અને એ ફિલ્મોમાં સ્પોર્ટીંગ એક્ટર તરીકેની ભૂમિકાઓ કરી. સામાન્ય રીતે કોઈ પણ અભિનેતા સ્ટાર બ્રાન્ડીંગ ને ટકાવી રાખતી ભૂમિકાઓ કે હાઈ પ્રોફાઈલ સોલો ફિલ્મ પસંદ કરે છે. પરંતુ, રીતેશે સપોર્ટિંગ એક્ટર તરીકેની ભૂમિકા , એસેમ્બલ કોમેડી અને પ્રાદેશિક ફિલ્મોને પ્રાધાન્ય આપ્યું. ૨૦૧૦ પછી રિતેશની ઘણી ફિલ્મોએ નબળો દેખાવ કર્યો અને તેના કારણે લોકપ્રિયતા ઓછી થતી ગઈ અને તે લાઈમલાઈટ થી દૂર થતો ગયો.




લોકો એવા સ્ટાર્સને વધુ પસંદ કરે છે જેઓ સતત મીડિયામાં રહેતા હોય. સોશ્યલ મીડિયા પર જેમના વિષે કઈ ને કઈ ચર્ચા થયા કરતી હોય. પરંતુ, રીતેશે આમાંથી કોઈને પણ પ્રાધાન્ય આપ્યું નથી. તેના સાથી કલાકારોની જેમ પોતાની બ્રૅન્ડીંગ બનાવવામાં કે સ્ટારડમ માટે તેણે ક્યારેય પ્રયત્નો કર્યા નથી. તેણે અત્યાર સુધી જે સ્પોર્ટીંગ રોલ કર્યા હતા તેના કારણે કોઈ તેને લીડીંગ એક્ટર તરીકે જોતું ન હતું. જેના કારણે તેને મોટી ફિલ્મો કે ગંભીર ભૂમિકાઓ મળતી ન હતી. જોકે, રીતેશે પોતાની ફિલ્મોની પસંદગી અલગ રીતે જ કરી હતી અને તેને કારણે મોટા પ્રોજેક્ટ્સ માટે તેની પસંદગી થતી ન હતી. કેટલાક એક્ટર્સ કે જેમને થીયેટર ફિલ્મ્સમાં ઓછી સફળતા મળી હોય તેઓ જ્યારે OTT પર આવે છે ત્યારે તેઓ વધારે લોકપ્રિય બને છે. પરંતુ,રિતેશના OTT પ્લેટફોર્મ પર પણ કોઈ પ્રોજેક્ટ્સ આવ્યા નથી. રીતેશે પોતાની ફિલ્મોની ફ્રેન્ચાઈઝી કરવાનું ચાલુ રાખ્યું અને તેમાં પોતાની અલગ છાપ છોડી.

હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં તેનું ભલે એક મજબૂત સ્થાન ન હોય પરંતુ મરાઠી ફિલ્મોમાં તેનું એક મજબૂત અને આગવું સ્થાન છે. મરાઠી ફિલ્મમાં લાઈ ભારી અને મૌલીની બોક્સ ઓફિસ સફળતા બાદ તેણે ૨૦૨૨માં વેડ ફિલ્મથી ડિરેક્ટર અને એક એક્ટર તરીકે મોટી સફળતા મેળવી. વેડ ફિલ્મથી તેને ડિરેક્ટર તરીકે કારકિર્દીની શરૂઆત કરી અને આ ફિલ્મ એક કોમર્શિયલ હીટ રહી. આનાથી રિતેશની પડદા પાછળની ક્ષમતા પણ ઉભરીને આવી છે અને હવે, રિતેશની ફિલ્મ રાજા શિવાજી આવી છે જે તેણે ડીરેક્ટ તો કરી છે અને તેમાં તે મુખ્ય ભૂમિકામાં પણ છે. આ ફિલ્મ છત્રપતિ શિવાજી મહારાજ ના જીવન ચરિત્ર વિષે ઊંડાણ થી વર્ણન કરે છે અને આ રીતે તે કે મોટો પ્રોજેક્ટ છે. મરાઠી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં રીતેશ દેશમુખ એક મોટું નામ છે કારણકે મરાઠી સિનેમાના આધુનિકીકરણ અને વિસ્તરણમાં રીતેશે મહત્વનું યોગદાન આપ્યું છે. આ ઉપરાંત, મરાઠી જનતા સાથે પણ રીતેશે મજબૂત જોડાણ બનાવ્યું છે. તેણે મરાઠી ટેલીવીઝન પર બીગ બોસ મરાઠીનું સંચાલન કરીને મરાઠી દર્શકો સાથે સીધો સંબંધ બાંધ્યો હતો. આમ, મરાઠી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં રીતેશનું આગવું અને મહત્વનું સ્થાન છે, તેની લોકપ્રિયતા મહત્વના લીડીંગ સ્ટાર જેવી છે અને તેણે મરાઠી સિનેમાનો વિકાસ કરવામાં પોતાનો ફાળો પણ આપ્યો છે.

આમ, હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં રીતેશે એક સપોર્ટીંગ એક્ટર, એક કોમિક એક્ટર તરીકે સ્થાન ભલે મેળવ્યું હોય, મરાઠી સિનેમામાં તે એક મોટો સ્ટાર છે, તેનું કે સ્ટારડમ છે. બોલિવૂડમાં કોમિક રોલ્સની પસંદગી, મલ્ટી સ્ટારર ફિલ્મોની પસંદગી અને નાના પ્રોજેક્ટ્સમાં કામ કરવાને કારણે લીડીંગ એક્ટર્સના મુખ્ય પ્રવાહમાં તે ક્યારેય આવી શક્યો નથી. મલ્ટી સ્ટારર ફિલ્મોમાં ભલે તેનું કામ વખણાતું હોય, પરંતુ એક લીડીંગ એક્ટર કે સુપર સ્ટાર તરીકેનું સ્થાન હજી તેને હિન્દી ફિલ્મોમાં મળ્યું નથી. •

## પ્રીટિ એ આપ્યો ફિલ્મી સવાલનો ફિલ્મી જવાબ

પ્રીટિ ઝીન્ટાએ હાલમાં ટ્વીટર પર તેના ચાહકોને આપેલા બેબાક જવાબને કારણે તે સોશિયલ મીડિયા પર ખૂબ વાઈરલ થઇ છે. વાતચીતમાં પ્રીટિ એ તેના જીવન વિશે, ફિલ્મો વિશે અને ક્રિકેટ વિશેના સવાલોના જવાબ આપ્યા છે. એક એ જ્યારે તેને 'ટ્રોફી' સાથે ઓળખવામાં જ્યારે એક ટ્વીટર યુઝર પ્રીટિને 'ટ્રોફી' સાથે સરખાવે છે ત્યારે તે સ્માર્ટ રીતે તેને પ્રત્યુત્તર આપે છે. પ્રીટિ લખે છે કે, તમારો ઘણો આભાર પરંતુ, સાચું કહું તો કોઈ પણ સ્ત્રી નથી ઈચ્છતી કે તેને ટ્રોફી સાથે સરખાવામાં આવે. ટ્રોફી પર માલિકીપણું બનાવી શકાય છે જ્યારે સ્ત્રી પર નહીં. ટ્રોફીને કાચના શોકેસમાં મૂકી શકાય છે જ્યારે સ્ત્રીનું સ્થાન તમારા જીવનમાં હોય છે, તમારા દિલમાં હોય છે! પ્રીટિ એ હસતા હસતા જણાવી દીધું કે સ્ત્રીનું મૂલ્ય શું હોય છે અને તેને સન્માનથી જોવી જોઈએ.



પ્રીટિએ પંજાબ કિંગ્સ વિષે વાત કરી અને ટીમનાં સારા પરફોર્મન્સ માટે ટીમના સારા માહોલને શ્રેય આપ્યો. તેને કહ્યું, પંજાબ કિંગ્સના બધા ખિલાડીઓ અદ્ભુત રહ્યા છે અને જેઓ બેંચ પર બેઠા છે તેમને પણ શાનદાર પ્ર દર્શન કર્યું છે. જ્યારે સુરક્ષિત અને ખુશ ડ્રેસિંગ રૂમ હોય ત્યારે મેદાન પર સારા પરિણામો આવે છે. ફિલ્મો વિષે પણ વાત શેર કરે છે. તે કહે છે કે, "હું હંમેશા એક પીરીયડ ફિલ્મ કરવા માંગતી હતી, તેથી જ મેં લાહોર ૧૯૪૭ સાઈન કરી. વળી પ્રિય ડિરેક્ટર રાજ કુમાર સંતોષી બનાવી રહ્યા છે અને સની સાથે કામ કરવાનું મને હંમેશા ગમે છે. પ્રીટિએ તેના ચાહકોને એક મેસેજ પણ આપ્યો કે," જીંદગી જીવવી અઘરી છે, તેથી સખત મહેનત કરો, સારા કર્મ કરો અને કયારેય હર ના માનો. તક ધીમેથી દસ્તક આપે છે તેથી તેને ઓળખતા શીખો અને તરત જ દરવાજો ખોલીને તેનો સ્વીકાર કરો. તમને ખુબ ખુબ શુભેચ્છાઓ અને ખુબ ખુબ પ્રેમ". તેની હાજરજવાબી , બિન્દાસ અભિગમ અને નમ્ર વર્તન તેના ચાહકોમા અને સોશિયલ મીડિયામાં ચર્ચાનો વિષય બની ગયા છે. •

## માધુરીને તેની માતા એ ગુસ્સો કર્યો



મોટાભાગે સેલીબ્રિટી એક્ટર્સ જાહેર માં જેવા દેખાય છે તેવા અંગત જીવનમાં હોતા નથી. આવો જ કૈક અનુભવ કોરિયોગ્રાફર ટેરેન્સ લુઈસ ને માધુરી દીક્ષિતને મળવાથી થયો. માધુરી જણાવે છે કે તેને પોતાનું અંગત જીવન અંગત જ રાખવું ગમે છે. તે ભાગ્યે જ પર્સનલ લાઈફ વિષે જાહેરમાં વાત કરે છે. તેના માટે પબ્લિક લાઈફ માં તે એક સેલીબ્રીટી માધુરી દીક્ષિત છે જયારે અંગત જીવન માં તે માધુરી જ છે જે કોઈની દીકરી, કે મા હોય છે.

આ બાબત ત્યારે સ્પસ્ટ જણાય આવી જયારે ટેરેન્સ લુઈસ તેના ઘરે સવારે ૬ વાગ્યે પ્રેક્ટીસ શીડ્યુલ માટે આવ્યો હતો. શુટિંગ શીડ્યુલ અને પર્સનલ ટ્રેનીગ બંને હોવાથી ઘણા વ્યસ્ત શિડ્યુલમાં માધુરીએ ટેરેન્સ ને તેના ઘરે સવારે ૬ વાગ્યે બોલાવ્યો હતો. માધુરી ઘરમાં ગ્રાઉન્ડેડ છે અને બધાનું ધ્યાન રાખે છે. માધુરી કહે છે કે," જયારે ટેરેન્સ તેના ઘરે સવારે આવ્યો ત્યારે તે ઘર્મના બધા સભ્યો માટે ચા બનાવી રહી હતી. તે જ સમયે મારી મા એ આવી ને ગુસ્સો કરતાં કહ્યું કે 'એય માધુરી...તે બેડશીટ હજી સુધી સરખી કરીને મૂકી નથી?' અને તે સમયે ટેરેન્સ મારી સામે જોઈ રહ્યો હતો.' કદાચ તેને થતું હશે કે એક સેલિબ્રિટીને તેની મા ઘરમાં એક બાળકની જેમ વઢે છે!" જોકે, માધુરીને અંગત જીવન આવી રીતે જ અંગત જ રાખવું ગમે છે. લોકો માટે તે ભલે એક સ્તર હોય પરંતુ, ઘરમાં તો તે એક માતાની દીકરી અને નાના બાળકોની માતા છે. તેની માતા તેને એક બાળકની જેમ ગુસ્સો પણ કરે છે. આમ, જાહેર જીવન અને અંગત જીવન બંને વચ્ચે સંતુલન જાળવવું ઘણું જરૂરી છે. ઘર જ એવી જગ્યા છે જ્યાં તમે મૂળભૂત જે છો તે બનીને રહી શકો છો. •

બોલિવ્લોગ વિથ પૉપ

## સાન્યા છે માસ્ટર મેનીફેસ્ટર

સાન્યા મલ્હોત્રા તેની ઉભરતી કારકિર્દીમાં વધુ એક પ્રકરણ ઉમેરી રહી છે. ફિલ્મો અને ડીજીટલ પ્રોજેક્ટ માટે જાણીતી સાન્યા હવે જીઓ હોટ સ્ટાર પર આવનારા ક્વીઝ આધારિત HP સ્માર્ટ ચેમ્પ્સ હોસ્ટ કરવાની છે. આ સાથે તે ફિલ્મો તો કરશે જ . એક રીતે તે પોતાની બહુમુખી પ્રતિભા અહીં આપની સમક્ષ રજુ કરે છે. જોકે , આ બાબત પર સાન્યા એક રસપ્રદ વાત આપની સાથે શેર કરે છે. તે જણાવે છે કે,"મને જીઓ હોટ સ્ટાર ની HP સ્માર્ટ ચેમ્પ્સ ક્વીઝ નામનો શો હોસ્ટ કરવાની તક મળી છે. તે શો મને કેવી રીતે મળ્યો તે પણ એક રસપરદ વાત છે. હું એક માસ્ટર મેનીફેસ્ટર છું. આ શો મારા જીવન માં આવ્યો તે પહેલા હું વિચારી રહી હતી , યાર બોર્નવિટા ક્વીઝ કોન્ટેસ્ટ દેખ કે કીતના મઝા આતા થા. કહાં ગયે વો દિન...અને થોડાક જ દિવસોમાં મને આ શોની ઓફર મળી અને મેં તેનો લાભ લઇ લીધો." તેની આ કમેન્ટ સોશિયલ મીડિયા પર ઘણી વાઈરલ થઇ ગઈ અને કલ્સ કરી ને 'માસ્ટર મેનીફેસ્ટર ' શબ્દ એ લોકોનું ખુબ ધ્યાન ખેંચ્યું.



HP સ્માર્ટ ચેમ્પસ એક હળવો શો છે જે સાન્યા ને લોકો સાથે ઈન્ટરેકટ કરવાની અને તેમની સાથે જોડાવાની સીધી તક આપશે . આ શો હોસ્ટ કરીને સાન્યા અન્સ્કીપટેડ મનોરંજન અને ડીજીટલ ની દુનિયામાં પદાર્પણ કરશે. સાન્યા માટે તેની કારકિર્દી માં નવું સોપાન ઉમેરાશે. હાલમાં, અભિનેત્રી નેટફ્લીક્સ પર રીલીઝ થયેલી ફિલ્મ ટોસ્ટર ના પ્રમોશન માં વ્યસ્ત છે. આ ઉપરાંત, તેની બોબી દેઓલ સાથેની ફિલ્મ બંદર પર આવવાની છે,જે ૫ જુને રીલીઝ થવાની છે. તેના આગામી પ્રોજેક્ટ સુંદર પૂનમ સત્ય ઘટનાઓથી પ્રેરિત છે જેમાં આદિત્ય રાવલ પણ છે. સાન્યા મલ્હોત્રાએ મોટાભાગે અપરંપરાગત પ્રોજેક્ટ પસંદ કરવા અને સર્જનાત્મક જોખમો લેવા માટે જાણીતી છે. સિનેમા, સ્ટ્રીમિંગ કન્ટેન્ટ અને હવે હોસ્ટીંગ દ્વારા તે પોતાનો દરેક દિશામાં વિકાસ કરી રહી છે. •